
## આપની આજ

**નરેન્દ્ર શાહ**
**(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)**

### આજે રાશિ તુલા

**આજના ગ્રહોની કુંડળી**




**સવારે ૯.૪૦ કલાકે ચંદ્ર વૃશ્ચિકમાં પ્રવેશે છે. આજે કાલ સર્પ યોગ છે. ગુરુ રાહુની યુતિનો ચાંડાલ યોગ ચાલે છે. ચંદ્ર - શનિનો વિષ યોગ થયેલ છે.**

**મેષ** આઠમે ચંદ્ર - શનિનો પનોતીમાં વિષ યોગ થાય છે. જે તંદુરસ્તી માટે સારો નથી. સાતમે મંગળને પાંચમે રાહુ પણ તંદુરસ્તી માટે નુકસાનકારક છે. સાચવવું.

**વૃષભ** સાતમે શનિ ચંદ્રનો વિષયોગ ડરપોક બનાવે - ચોથે ગુરુ - રાહુનો ચાંડાલ યોગ ધાર્મિક પ્રવૃત્તિથી દૂર રાખે. આઠમે શુક્ર - બુધ ખોટા ખર્ચા કરાવે.

**મિથુન** સાતમે બુધ શુક્ર રાશિને નિહાળતા હોઈ રાશિપતિમની દ્રષ્ટિથી દિવસ આનંદમાં જાય - ધનલાભ થાય - ભાગીદારો અને પત્નીથી ધનલાભ થાય.

**કર્ક** ચોથે મંગળ ને સાતમે સૂર્ય વિના કારણ ગુસ્સો કરાવે - વાહનથી સાચવવું. વડવા - વાગવા - દાઝવાથી સાચવવું - વિનાકારણ મનમાં ડર લાગ્યા કરે.

**સિંહ** ચોથે શનિની પનોતીમાં વિષયોગ થાય છે. દિવસ ગ્લાનીસભર રહે. આખો દિવસ વ્યગ્રતા રહે - શું કરવું - ન કરવું તેની મૂંઝવણ રહે - ધ્યાન રાખવું.

**કન્યા** બારમે રાહુ - બીજે મંગળથી પાપગ્રહોથી ઘેરાયેલા હોઈ શત્રુઓનો તમારી સાથેનો વ્યવહાર સારો રહેશે નહીં - શત્રુઓનો વિજય થાય છે તેમ તમોને લાગશે.

**તુલા** રાશિમાં મંગળ - ચંદ્ર માંગલ્ય યોગ આનંદથી સમય પસાર કરાવે. મિત્રોથી તમોને પુષ્કળ આનંદ મળશે. ભાઈ-બહેનોને કારણે આનંદમાં દિવસ જશે.

**વૃશ્ચિક** રાશિમમાં શનિ-ચંદ્રનો વિષયોગ અને બીજા સ્થાનમાં બુધ - શુક્રની યુતિ આજે તમોને સારાં-નરસાં બંને પ્રકારનાં એટલે કે મિશ્ર ફળ આપે - સાચવવું.

**ધન** રાશિમાં બુધ - શુક્ર - બીજે સૂર્ય - બારમે શનિ ચંદ્રનો વિષયોગ. આ સ્થિતિ તમોને મિશ્ર ફળ આપે - આનંદ - શોક - દુઃખ વિગેરેમાં દિવસ પસાર થાય.

**મકર** રાશિમાં સૂર્ય - આઠમે રાહુ - ગુરુનો ચાંડાલ યોગ - તમારો આખો દિવસ વિષાદ યોગમાં જાય - વ્યગ્રતા રહે - ભક્તિ - પૂજા કરવી.

**કુંભ** સાતમે રાહુ - ગુરુની યુતિ થયેલ હોઈ તેમજ દસમે શનિ-ચંદ્રનો વિષયોગ થયેલ હોઈ ઉપરી અધિકારી - ભાગીદારો સાથે વાદ વિવાદ થાય.

**મીન** આઠમે મંગળ - અમંગળ યોગ કરે છે - ધ્યાન રાખવું - ભક્તિ કરવી - પડવા - વાગવા - દાઝવાથી સાચવવું - થોડો ધન લાભ થાય.

# સુપ્રિમ કોર્ટનો ગુજરાત સરકારને ઠપકો

## નેશનલ ફુડ સિક્યુરિટી એક્ટ ગુજરાતમાં કેમ અમલી નથી : મનરેગા અને ખાદ્યાન્ન સુરક્ષાને લઈ રાજ્યોને સુપ્રીમની ફટકાર : સંસદ દ્વારા કાયદો પસાર કરાયો હોવા છતાંય સ્કીમો અમલી કેમ નથી : સુપ્રીમનો પ્રશ્ન

નવીદિલ્હી,તા. ૧

સુપ્રીમ કોર્ટે નેશનલ ફુડ સિક્યુરિટી એક્ટને લાગૂ કરવાના મુદ્દે કેટલાક રાજ્યોના ઉદાસીન વલણની આજે જોરદાર ઝાટકણી કાઢી હતી. સાથે સાથે લાલ આંખ કરીને ચેતવણી પણ આપી હતી. નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટને લાગૂ ન કરનાર રાજ્યોની ઝાટકણી કાઢતા સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, સંસદ દ્વારા પસાર કરવામાં આવેલા કાયદાને આખરે ગુજરાત જેવા રાજ્યોમાં પણ અમલી બનાવવામાં કેમ તકલીફ થઈ રહી છે. સંસદ શું કરી રહ્યું છે. સંસદ દ્વારા પસાર કરવામાં આવેલા કાયદાને ગુજરાત જેવા રાજ્યો કેમ અમલી કરી રહ્યા નથી. ગુજરાત જેવા રાજ્યો ભારતનો હિસ્સો છે કે કેમ તેવો પ્રશ્ન પણ કર્યો હતો. આ કાયદામાં જણાવવામાં આવ્યું છે કે, કલ્યાણ યોજના દેશભરમાં લાગૂ કરવામાં આવી રહી છે. ગુજરાતમાં તેને અમલી બનાવવામાં શું તકલીફ થઈ રહી છે. આવી સ્થિતિમાં જો કોઈ વ્યક્તિ આવતીકાલે બીજી વાત કરશે તો શું થશે. સીઆરપીસી, આઈપીસી, એવિડેન્સ એક્ટને અમલી કરવામાં આવતીકાલે જો કોઈ રાજ્ય ઈન્કાર કરશે તો શું થશે તેવો પ્રશ્ન પણ ઉઠાવ્યો હતો. જસ્ટિસ મદન બી લોકુરની બનેલી બેંચે રાજ્યોને જોરદાર ફટકાર લગાવીને કહ્યું હતું કે, કાનૂનમાં કહેવામાં આવ્યું છે કે, તે સમગ્ર ભારત માટે છે તો ગુજરાતમાં કેમ અમલી બની રહી નથી. બેંચે એમપણ કહ્યું હતું કે, તે દુષ્કાળગ્રસ્ત રાજ્યોમાં મનરેગા, રાષ્ટ્રીય ખાદ્યાન્ન સુરક્ષા અને મધ્યાહન ભોજન જેવી કલ્યાણકારી યોજનાની સ્થિતિ અંગે માહિતી મેળવશે. કેન્દ્રને પણ ૧૦મી ફેબ્રુઆરી સુધી જવાબ આપવા માટે કહેવામાં આવ્યું છે.સુપ્રીમ કોર્ટે ૧૮મી જાન્યુઆરીના દિવસો મનરેગા, ખાદ્યાન્ન સુરક્ષા અને મધ્યાહન ભોજન યોજનાઓને અમલી બનાવવાના સંદર્ભમાં માહિતી આપવા માટે સૂચના આપી હતી. કોર્ટે એવી બાબત જાણવાની ઈચ્છા વ્યક્ત કરી છે કે, શું અસરગ્રસ્તોને લઘુત્તમ જરૂરી રોજગારી અને ભોજનની સુવિધા મળી રહી છે કે કેમ. સુપ્રીમ કોર્ટની બેંચ જાહેરહિતની અરજી ઉપર સુનાવણી કરી રહી હતી જેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, ગુજરાત, ઉત્તરપ્રદેશ, કર્ણાટક, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ,તેલંગાણા, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, ઝારખંડ, બિહાર, હરિયાણા અને ચંદીગઢ દુષ્કાળગ્રસ્ત છે છતાં વહાવટીતંત્ર દ્વારા રાહત ઉપલબ્ધ કરાવવામાં આવી રહી નથી. એફિડેવિટ દાખલ કરવા માટે ૧૦મી ફેબ્રુઆરી સુધીની મહેતલ કેન્દ્ર સરકારને આપવામાં આવી છે. ત્યારબાદ આ મામલાની સુનાવણી મોકૂફ કરી દીધી છે. ઘણી અરજીમાં ગંભીર પ્રકારના મુદ્દા ઉઠાવવામાં આવ્યા હતા.

યોગેન્દ્ર યાદવ જેવા લોકો દ્વારા ચલાવવામાં આવતા એનજીઓ સ્વરાજ અભિયાન દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને નેશનલ ફુડસિક્યુરિટી એકટને અમલી બનાવવાની માંગ કરવામાં આવી છે જેમાં દર મહિને પ્રતિવ્યક્તિ પાંચ કિલોગ્રામ અનાજ આપવાની જોગવાઈ રહેલી છે. આ અરજીમાં અસરગ્રસ્ત પરિવારોને કઠોળ અને ખાદ્યતેલ ઉપલબ્ધ કરાવવા સંબંધિત સત્તાવાળાઓને આદેશ કરવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી છે. અરજીમાં જણાવવામાં આવ્યું છે કે, સ્કૂલ જતા બાળકોને દૂધ, ઈંડા પણ મધ્યાહન ભોજન હેઠળ આપવામાં આવે તેવી માંગ કરાઈ છે.



બનાસકાંઠાની ધાનેરા પોલીસને બાતમી મળેલી કે રાજસ્થાનથી દારૂ ભરીને ગાડી ધાનેરા તરફ આવી રહી છે ત્યારે ધાનેરા પોલીસે મોડી રાત્રે ધાનેરા શહેરમાં વોચ ગોઠવી હતી અને બાતમી વાળી ગાડી આવતા પોલીસ દ્વારા ગાડી રોકવાની કોશિશ કરતા ચાલકે ગાડી ભગાડી મૂકી હતી ત્યારે ધાનેરા પોલીસે ગાડીનો પીછો કરી સામરવાડા ગામ પાસે જતી ઝાડી ઝડપી પાડી હતી અને ગાડીમાં બેઠેલા બે બુટલેગરોને પણ ઝડપી પાડયા હતા અને ગાડીની તલાશી લેતા ગાડીમાંથી વિદેશી દારૂની પેટી નંગ ૭ મળી આવી હતી. ધાનેરા પોલીસે બે આરોપી સાથે દારૂ ઝડપી તપાસ હાથ ધરી છે આ દારૂ કયાંથી લવાયો હતો અને કયાં લઈ જવાતો હતો તે પોલીસ તપાસ બાદ જ બહાર આવશે.

## મેઘરજ તાલુકાના ઈસરી આઉટપોસ્ટની જિલ્લા કલેક્ટરે ઓચિંતી મુલાકાતે

મેઘરજ, તા. ૧

અરવલ્લી જિલ્લાના પછાત વિસ્તાર સમા મેઘરજ તાલુકા પછી ઈસરી વિસ્તાર શિક્ષણમાં આગળ પડતો છે. અહી ૨૦૧૧માં પોલીસ સ્ટેશન ફાળવેલ. મેઘરજ મામલતદાર કચેરી ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમ પતાવીને જિલ્લા કલેક્ટર છાકછુઆક ઈસરી પોલીસ સ્ટેશનની એકાએક મુલાકાતે આવી જતા સ્થળ ઉપરનો સ્ટાફ મળેલ મહેકમ-મકાન-દફતર-ગ્રામજનોના પ્રશ્નો - ભવિષ્યની માંગણીઓ વિશે માહિતી મેવવી હતી.

અરવલ્લી જિલ્લા કલેક્ટર મા. છાકછુઆકે ઈસરી પોલીસ સ્ટેશનની મુલાકાત દરમિયાન તાલુકાના ઈસરી નવાગામ તથા રખાપુર ગામના દફતરની ચકાસણી કરી હતી. સાથે તાલુકા મામલતદાર આર.કે. ઓઝા પણ જોડાયા હતા. સાથે સાથે પોલીસ સ્ટેશનના રજીસ્ટરો-ગુન્હાઓ અંગે તેમજ ચાર્જશીટો-લોકઅપ-સ્ટાફ-સ્થળની પસંદગી વિશે માહિતી મેળવી હતી. જેની હદમાં ૮૨ ગામડાઓ ફાળવેલ છે અને ૧૯ મહેકમની સામે માત્ર ૮ પોલીસમેનો સેવા આપે છે.



સિનીયર સિટીઝન કાઉન્સિલ દ્વારા ગાંધીનગર સ્માર્ટ સિટી વિશે યોજેલા સેમિનારમાં કોંગ્રેસના પ્રવક્તા અને નાગરિક બેંકના ચેરમેન ડૉ. હિમાંશુ પટેલે વ્યાખ્યાન આપ્યું હતું. આ પછી તેમનું સન્માન કરાયું હતું તે પ્રસંગની તસવીર.

## મેઘરજ આઈ.ટી.આઈ. કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ગુમ થતાં ચકચાર

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાની નાની મોયડી ગામની ૧૮ વર્ષીય યુવતી મેઘરજ આઈટીઆઈ કોલેજથી પોતાના ઘરે પરત ન ફરતાં મેઘરજ પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરિયાદ તેના પિતાએ આપતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગત મુજબ નાની મોયડી ગામની એક યુવતી મેઘરજ આઈટીઆઈમાં ઈલેકટ્રીશીયન ટ્રેડમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી હતી અને પોતાના ઘરેથી આ આઈટીઆઈમાં રોજ અભ્યાસ અર્થે આવતી હતી પરંતુ તા. ૨૦-૧-૧૬ના રોજ સવારના સાતેક વાગ્યાના અરસામાં તેમની દિકરીને લઈ મેઘરજ આઈટીઆઈ કોલેજમાં મુકી તેના પિતા પોતાના ધંધાર્થે ગયેલા અને સાંજે ચાર વાગ્યાના સમયે ઘરેથી ફોન આવ્યો કે સ્કુલના વાહનમાં આપણી દિકરી ઘરે આવેલ નથી ત્યારે તરત જ યુવતીના પિતાએ આઈટીઆઈ કોલેજમાં તપાસ કરતાં તેઓને આઈટીઆઈમાંથી જાણવા મળેલ કે તેમની દિકરી સવારમાં અભ્યાસ અર્થે આવેલ અને બપોરે ૨.૪૫ વાગ્યાના સમયે આઈટીઆઈમાંથી છુટી ઘરે પરત જવા નીકળી ગઈ હતી તેવું જાણવા મળતાં તેના પિતાએ બસ સ્ટેન્ડ અને મેઘરજમાં મોડી રાત સુધી તપાસ કરી પરંતુ તેનો કોઈ પત્તો મળ્યો ન હતો ત્યારે મોટા ભાગના તેમના સંબંધીઓ રાજસ્થાનમાં રહેતા હોઈ ત્યાં પણ તપાસ કરી હતી પણ ત્યાં પણ કોઈ પત્તો ન મળતાં ગુમ થયેલ યુવતીના પિતાએ તા. ૩૦-૧-૧૬ના રોજ મેઘરજ પોલીસ સ્ટેશને જાણવા જોગ ફરિયાદ નોંધાવી છે તેના અનુસંધાને આગળની કાર્યવાહી હાથ ધરી છે.



પુ. મુકુંદ મહારાજની વ્યાસપીઠે સેક્ટર-૩-સી ખાતે ભાગવતગીતા કથાનું આયોજન કરવામાં આવ્યું છે. ૪ ફેબ્રુઆરી સુધી બપોરે ૨ થી ૫ દરમ્યાન શ્રદ્ધાળુઓ કથાશ્રવણનો લાભ લઈ શકે છે. (કશ્યરપ નીમાવત)

## પ્રાંતિજ કેળવણી મંડળનું ગૌરવ

પ્રાંતિજ રેલવે સ્ટેશન ઉપર આવેલ કેળવણી મંડળ સંચાલિત વિવિધ સંસ્તાઓ પૈકી અવરઓન વિદ્યા વિહાર તથા અવરઓન હાઈસ્કુલની વિદ્યાર્થીનીઓએ તલોદ ખાતે આયોજિત તાલુકા પ્રાથમિક શાળા વિજયપદ્મ વકતૃત્વ સ્પર્ધામાં તથા માધ્યમિક વિભાગની સ્પર્ધામાં પ્રથમ આવી શાળાને ચાંદીનો ફરતો શીલ્ડ ઈનામમાં અપાયેલ છે. તલોદ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન યોજાયેલ સ્વ. શાંતુભાઈ ચુનીભાઈ પટેલ દ્વારા આયોજિત તાલુકા પ્રાથમિક શાળા વિજય પદ્મ વકતૃત્વ સ્પર્ધામાં 'પ્રાથમિક વિભાગમાં મને કયાં ભણવું ગમે સરકારી શાળામાં કે ખાનગી શાળામાં' વિષય હતો અવરઓન વિદ્યાવિહારની શાળાની બે વિદ્યાર્થીનીઓ મારફતિયા ઉર્ફાબેગમ તથા પટેલ જીલે ભાગ લઈ શાળાને ચેમ્પિયન બનાવી શાળાનું ગૌરવ વધારેલ છે. શાળાને ચાંદીનો ફરતો શિલ્ડ ઈનામમાં અપાયો છે.

## ખેડબ્રહ્મા પાલિકાનું ૪૪૦.૨૬ લાખની પુરાંતવાળુ બજેટ મંજુર

ખેડબ્રહ્મા નગરપાલિકાની સામાન્ય સભા શુક્રવારના રોજ પ્રમુખ સાગરભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં સને ૨૦૧૬-૧૭ના વર્ષનું બજેટ રજુ કરી મંજુર કરવામાં આવ્યુંહતું. સને ૨૦૧૬-૧૭ના વર્ષની ઉઘડતી સિલક રૂ. ૪૦૫.૩૬ અને આવક રૂ. ૨૧૧૯.૨૦ લાખ મળી રૂ. ૨૫૨૪.૫૬ની આવક અંદાજવામાં આવી છે તેની સામે રૂ. ૨૦૮૪.૩૦ લાખનું ખર્ચ અંદાજતા રૂ.૪૪૦.૨૬ લાખની પુરાંતવાળુ બજેટ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું હતું. ગત વર્ષના બજેટના અંદાજ કરતા ૨૦૧૬-૧૭ના વર્ષની આવક અને જાવકમાં વધારો દર્શાવવામાં આવ્યો છે. ૨૦૧૬-૧૭ના વર્ષના બજેટમાં કરવેરાની આવક રૂ. ૨૪૧ લાખ, ઓક્ટ્રોય રૂ. ૧૦૦ લાખ, ગ્રાન્ટની આવક રૂ. ૧૩૪૩ લાખ સહીત આવક રૂ. ૨૧૧૯.૨૦ લાખ દર્શાવવામાં આવી છે જયારે જાવકમાં બાંધકામરૂ. ૧૧૩૩ લાખ સામન્ય વહીવટ રૂ. ૨૭૧.૧૦ લાખ, દિવાબત્તી રૂ. ૬૫ લાખ, વોટર વર્કસ રૂ.૧૪૦ લાખ, જાહેર આરોગ્ય રૂ. ૧૭૪.૫૦ લાખ સહીત રૂ. ૨૦૮૪.૩૦ લાખની જાવક અંદાજવામાં આવી છે. શહેરી ગરીબો તથા સ્લમ વિસ્તાર માટે બજેટના ૨૦ ટકા રકમની ફાળવણી કરવામાં આવી છે અને તે મુજબ જે તે વિસ્તારમાં કામો હાથ ધરવામાં આવશે.

### ઝુંબેશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મકવાણા, સમુબેન ઠાકોર, જગતસિંહ ઝાલા અને કાન્તાબેન ઝાલાનો સમાવેશ કરાયો છે.

શિક્ષણ સમિતિમાં ગીતાબેન પટેલ, સોનલબેન પટેલ, ભાવિનસિંહ ઠાકોર, શારદાબેન મકવાણા, બેચરજી ઠાકોર, નાથુજી મકવાણા, દિનુભાઈ ઠાકોર ઉપરાંત કો. ઓપ્ટ સભ્ય તરીકે યાકુબભાઈ મન્સુરી અને તા.પં.ના પૂર્વ પ્રમુખ ઈન્દુબેન રાવલની નિયુક્તી કરવામાં આવી છે.

સામાજિક ન્યાય સમિતિમાં એસ.એન. પરમાર, જે.ડી. ચારેલ, શારદાબેન મકવાણા ઉપરાંત કો.ઓ. સભ્ય તરીકે આત્મારામભાઈ સોલંકી અને ગોવિંદભાઈ રાવતની નિમણુંક કરાઈ છે. જાહેર આરોગ્ય સમિતિમાં આશાબેન રાઠોડ, નરેશ ઠાકોર, વિક્રમજી ઠાકોર, કીર્તિબેન પટેલ અને રમીલાબેન પટેલની નિયુક્તી કરવામાં આવી છે. આ ઉપરાંત ઉત્પાદન સહકાર સમિતિમાં રાજીબેન રાઠોડ, શંકરભાઈ ચૌધરી, કાન્તાબેન ઝાલા, વિક્રમજી ઠાકોર તથા કીર્તિબેન પટેલની નિયુક્તી કરવામાં આવી છે.

જિલ્લા પંચાયતની શિક્ષણ અને સામાજિક ન્યાય સમિતિમાં નિમણુંકને લઈ ભાજપે સભ્યોના નામો ચકાસી અને મંજૂર કરવાની રજુઆત કરી હતી.

આ બન્ને સમિતિઓમાં ગાંધીનગર(દ)ના બે આગેવાનોને સમાવવામાં આવ્યા છે. આ ઉપરાંત ગાંધીનગર તા.પં.ના પૂર્વ પ્રમુખ ઈન્દુબેન રાવલની પણ નિયુક્તી કરવામાં આવી છે. સામાજિક ન્યાય સમિતિમાં આત્મારામભાઈ સોલંકી ચિલોડા(ન) વિસ્તારમાં સારી કામગીરી કરી રહ્યા હોવાથી તેમની પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત શિક્ષણ સમિતિમાં ચિલોડાના અગ્રણી શ્રી યાકુબભાઈ મન્સુરીની નિયુક્તી કરવામાં આવી છે.

અપીલ સમિતિમાં રામાજી ઠાકોર ઉપરાંત ચાર સભ્યોમાં અરવિંદસિંહ સોલંકી, રમીલાબેન પટેલ, અમૃતલાલ ઠાકોર અને એસ.એન. પરમારનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે ઉપપ્રમુખ શ્રી ભરત પટેલનો મહિલા બાળ વિકાસ સમિતિના સભ્ય તરીકે સમાવેશ કરાતાં પંચાયતના પ્રાંગણમાં આશ્ચર્ય ફેલાઈ જવા પામ્યુ હતુ.

### સમીક્ષા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષા જારી કરતા ારણા પ્રમાણે જ તમામ ચાવીરૂપ પોલીસી રેટમાં કોઈ ફેરફાર કર્યા ન હતા. રેપો રેટને યથાવત ૬.૭૫ ટકાના દરે અને સીઆરઆરને યથાવત ચાર ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. પોલીસી સમીક્ષા જારી કરતા આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજને કહ્યુ હતુ કે તે વધુ પોલીસી ફેરફાર અંગે કોઈ દિશામા આગળ વધતા પહેલા સાતમા વેતન પંચની ફુગાવા પર અસર અંગે ધ્યાન આપશે.

### હિંસક તોફાનો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્યારબાદ રેલવે સ્ટેશન પર ભારે તોડફોડ મચાવી હતી. રવિવારના દિવસે હિંસા ભડકી ઉઠ્યા બાદ સ્થિતીને સામાન્ય બનાવવાના પ્રયાસ કરાઈ રહ્યા છે. આજે સવારથી હિંસાગ્રસ્ત વિસ્તારોમાં અંજપાભરી શાંતિ રહી હતી. સ્થિતીને સામાન્ય બનાવવા હજુ સમય લાગી શકે છે. બીજી બાજુ દેખાવકારો આ અનામતની માંગને જારી રાખવા માટે મક્કમ દેખાઈ રહ્યા છે. અનામત આંદોલન કરી રહેલા દેખાવખોરો હજુ પગલા લેવાના મુડમાં દેખાઈ રહ્યા છે. તુની રેલવે સ્ટેશન પર સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. પૂર્વીય ગોદાવરી જિલ્લામાં હિંસા બાદ વધારાનો સુરક્ષા કાફલો મોકલવામાં આવ્યો છે. પછાત વર્ગ કેટેગરી હેઠળ અનામતની માંગણી કરીને કાપુ સમુદાયના લોકો હિંસા ઉપર ઉતરી આવતા સ્થિતિ વણસી ગઈ હતી. આજે રસ્તા પર વાહનો દેખાઈ રહ્યા ન હતા. બીજી બાજુ વધુ હિંસા ન થાય તે માટે પગલા લેવાયા છે. ગઈકાલે ભડકી ઉઠેલી હિંસામાં વરિષ્ઠ જિલ્લા પોલીસ અધિકારી સહિત ૧૫ જવાન ઘાયલ થયા હતા. દેખાવકારોએ ગઈકાલે મોડી રાત્રે નેશનલ હાઈવે પર નાકાબંધીને પાછી ખેંચી લીધી હતી. અગાઉ કોલકાતા અને ચેન્નાઈને જોડતા હાઈવે પર નાકાબંધી કરાઈ હતી.

### પાછા ખેંચાયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકાર અને પાટીદારો વચ્ચે આગામી દિવસોમાં સંપૂર્ણ સમાધાન થઈ શકે. મુખ્યમંત્રીને સંબોધન કરતાં આ પત્રમાં હાર્દિક પટેલે જણાવ્યુ છે કે ગૃહ વિભાગે નિર્દેષ પાટીદાર યુવાનો પરના કેસ પાછા ખેંચવાનો આદેશ આપ્યો છે, એ નિર્ણયને આવકારુ છે. આગાઉ સમાજની મુશ્કેલીઓ અને આંદોલન અંગેના મુદ્દાઓ બાબતે વાકેફ કર્યા હતા. પાટીદાર સમાજ માટે અનામતની જરૂરિયાત છે. સમાજના હિતમાં મુદ્દાઓ સ્વીકારીને સમાજની તરફેણાં નિર્ણય લેવા વિનંતિ છે. ગુજરાતની છબી દેશ વિદેશમાં ખરાબ નહીં થાય અને ગુજરાતની રોનક જળવાય રહે એવી આશા સમગ્ર પટેલ સમાજ રાખે છે. ઉલ્લેખનિય છે કે પાટીદાર આંદોલનકારો અને સરકાર વચ્ચે ૨ મહિનાથી સમાધાનની ભૂમિકા ઊભી થાય તે માટે સીદસર ઉમિયાધામ ટ્રસ્ટના જેરામ પટેલ અને વાસુદેવ પટેલ, મથુર સવાણી જેવા પાટીદાર આગેવાનોએ ભાજપના મનસુખ માંડવિયા જેવા રાજ્યસભાના સાંસદ તેમજ નીતિન પટેલ સાથે મળી ને વાટાઘાટોનો દોર ચલાવ્યો હતો. તેમ છતાં હાર્દિક પટેલ આણિ મંડળી સાથે સમાધાન શક્ય બન્યું નથી.

### લેબર બજેટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કુટુંબોને મનરેગાના જોબકાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા છે. આમ, અત્રેના જિલ્લામાં વર્ષ ૨૦૧૬-૧૭માં કુલ ૬૯૨ કામો કરવાનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ યોજના હેઠળ આયોજન કરેલ કામો પૈકી રૂ. ૭૩૫.૯૨ લાખ બિનકુશળ ગ્રામીણ રોજગારોને રોજગારી પેટે તથા માલસામાન પેટે રૂ. ૩૯૪.૨૩ લાખ ખર્ચ કરવાનો અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. આમ કુલ રૂ. ૧૧૩૦.૧૫ લેબર બજેટ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં ૪.૦૯ લાખ સંભવિત માનવદિન ઉત્પન્ન કરવાનું આયોજન કરેલ છે.

### રીનોવેશન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિષય બન્યા છે. નિકાલ હેઠળના સરકારી આવાસો દુર કરવામાં આવ્યા બાદ હજુ પણ જોખમી આવાસોની સંખ્યા વિશેષ હોવાનુ મનાઈ રહયુ છે. સરકારી મકાનોના રીનોવેશનની કામગીરી ભાગરૂપે તંત્ર દ્વારા કાયદો અને ન્યાય વિભાગના કર્મચારીઓન ફાળવવામાં આવેલા ૯૫ મકાનોનુ તબક્કાવાર રીનોવેશન કરવામાં આવશે જેમાં સે-૨૧ અને સે-૩૦માં પણ ચ,છ અને જ કેટેગરીના મકાનોનુ મજબુતીકરણ હાથ ધરાશે.

### ઝુંબેશ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરવામાં આવ્યુ છે. આ દરમિયાન વૃક્ષોની કટોતી કરતા તત્વો તેમજ વન આરક્ષિત જગ્યામાં દબાણોનો અડ્ડો જમાવતા દબાણ કર્તાઓને દુર કરવા માટે પણ કામગીરી શરૂ કરવામાં આવી છે. આજે શહેરના મુખ્ય ઘ માર્ગ પરથી લારી ગલ્લાના ૭ દબાણો દુર કરાયા હતા. ઘ-૦ થી ઘ-૭ વચ્ચે સ્થિત ગલ્લાઓનો દબાણો દુર કરવામાં આવ્યા હતા. શહેરના મુખ્ય માર્ગ પર દબાણો દુર કરવાની કામગીરી આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે વન આરક્ષિત જગ્યામાં પણ ઝુંપડાના દબાણો અસ્તિત્વ ધરાવે છે.

જયારે કેટલાક ઠેકાણે લારી ગલ્લાઓ ધમધમી રહયા છે. જેના લીધે વન વિભાગની ફેન્સીંગ તેમજ વૃક્ષોને પણ નુકશાન પહોંચે છે. આવા સંજોગોમાં નગરની હરિયાળી સામે ખતરો મંડરાવાની સાથે અન્ય પણ સમસ્યાઓ ઉભી થઈ છે. જેને ધ્યાને લઈ વન તંત્ર દ્વારા ખાસ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. ઘ-૨ થી ઘ-૩ વિસ્તારમાં મજુરોએ વન વિભાગની ફેન્સીંગ આસપાસ અડ્ડો જમાવ્યો છે. જેના લીધે વૃક્ષોન પણ નુકશાન થતુ હોવાની ફરિયાદો ધ્યાને આવી છે. જેને અનુલક્ષી વન આરક્ષિત જગ્યામાંથી ઝુંપડાના દબાણો દુર કરવા માટે પણ કાર્યવાહી કરવામાં આવશે.

### પોપડા પડ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આમછતા સરકારી મકાનોમાં આ પ્રકારના બનાવો ન બને તે માટે કોઈ ખાસ પગલા લેવાયા નથી. અગાઉ તંત્ર દ્વારા સિલિંગ રીપેરીંગનુ અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ. પરંતુ સમયાંતરે પોપડા ખરવાના કીસ્સાઓ બનતા જ રહે છે. સરકારી કર્મચારીઓને માથે સલામત છત મળતી નથી. આજે પણ સે-૨૧ના છ કક્ષાના કેટલાક બ્લોક પણ ભયજનક હોવાનુ ધ્યાને આવ્યુ છે. છ કક્ષાના બ્લોક નં-૨માં બીજા માળની લોબીમાં પોપડા ખરતા રહીશો પણ ભયજનક સ્થિતિમાં મુકાઈ ગયા હતા. જો કે સદનસીબે કોઈને પણ ઈજા થવા પામી ન હતી. પાટનગર યોજના વિભાગ દ્વારા આ સ્થિતિને ધ્યાને લઈ ત્વરિત કાર્યવાહી હાથ ધરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.

### ક્ષણનાં ચણીબોર ● ૪ પાનાનું ચાલુ...

વાઈસરોય તો નિર્ધારિત કાર્યક્રમ પ્રમાણે આવ્યા. શહેરના મેયરની ગેરહાજરીમાં થયેલું બાંડુ સ્વાગત ઘણાં બ્રિટીશ અમલદારોને ધૂંવાફુંવા કરી ગયું. હવે તેમને મેયર પદે શી રીતે ચાલુ રહેવા દેવાય? મુંબઈ શહેર કાઉન્સિલની સભા મળી તેમાં કોઈ સભ્યે મેયરની વાઈસરોયના સન્માન સમારંભમાં ગેરહાજરીનો પ્રશ્ન ઉઠાવ્યો. કાયદેબાજ મેયર કહે આ પ્રશ્ન આજે એજન્ડામાં નથી તેથી ચર્ચા થઈ શક્તી નથી. આ પ્રશ્નની ચર્ચા કરવા અલગ બેઠક બોલાવી શકો છો! સભા બરખાસ્ત કરવામાં આવી. ફરી આ હેતુ માટે સભા બોલાવવામાં આવી. બધાના આશ્ચર્ય વચ્ચે મેયર સામાન્ય સભાસદો સાથે જ બેઠા હતા. મેયરની ખુરશી ખાલી હતી. સભા શરૂ થવાના સમયે મ્યુનિસિપલ સેક્રેટરીએ મેયરના રાજીનામાનો પત્ર વાંચી સંભળાવ્યો. સભામાં સન્નાટો છવાઈ ગયો. મેયર સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર કરવાની તક પણ ગોરા હાકેમોના હાથમાંથી ગઈ! પરંતુ ફરી સમસ્યા ઊભી થઈ. સભાના પ્રમુખ સિવાય હવે સભાનું સંચાલન કેવી રીતે અને કોણ કરે? બહુમતી સભ્યો પ્રસ્તાવ રજૂ કરીને કહે કે કામકાજની સરળતા માટે આ બેઠકનું પ્રમુખસ્થાન જૂના મેયર વિઠ્ઠલભાઈ પટેલ જ સંભાળે! સભાની કાર્યવાહી તે રીતે પૂરી થઈ. ત્યારપછી બીજી સભા આવી. તેમાં પણ આજ બાબતનું પુનરાવર્તન થયું. ત્યારબાદ નવા મેયરની ચૂંટણી સભા મળી. આ સભામાં નવા મેયરની ચૂંટણી કરવાની હતી. રાષ્ટ્રીય પક્ષના એક અગ્રણીએ વિઠ્ઠલભાઈને ફરી ચૂંટવા દરખાસ્ત રજૂ કરી. આશ્ચર્યની ઘટના એ હતી કે દરખાસ્તને બહુમતીનો ટેકો મળ્યો. કેટલાક સરકાર તરફી વલણવાળા સભ્યોનો પણ તેને ટેકો મળ્યો ! આ સમયે એક ગોરા અમલદાર શ્રી કલેટન જેઓ આઈસીએસ અમલદાર હતા તેમજ મ્યુનિસિપલ કમિશ્નર હતા. તેમણે સભાને જણાવ્યું કે વિઠ્ઠલભાઈની કામ કરવાની સૂઝ તથા ધગશને કારણે તેમને ફરી ચૂંટવા જોઈએ ! પુનશ્ચ હરિઓમ થયું. ચરોતરના સુપુત્ર વીર વિઠ્ઠલભાઈ સ્વમાનનું બ્યૂગલ વગાડીને પોતાની આવડત, નિષ્ઠા અને શકિતના જોરે પુનઃ નગરના મેયર બન્યા. કેટલાયે બ્રિટીશ અમલદારોના ગળે આ વાત ઉતરી નહિ. વાઈસરોયના સન્માનનો બહિષ્કાર કરનાર વ્યકિત મુંબઈ શહેરના મેયર તરીકે કેવી રીતે ચાલુ રહી શકે ? પરંતુ ઘટના તેવી જ તેમની આંખ સામે બનીને રહી. અહીં એ વાતની સ્મૃતિ થાય કે વિઠ્ઠલભાઈ અને સરદાર સાહેબના પિતા ઝવેરભાઈ શતરંજના અઠંગ ખેલાડી ગણાતા હતા. આ વાતની પ્રતીતિ તેમના બંન્ને પુત્રોએ હિન્દુસ્તાનના ઈતિહાસની કટોકટકીની ક્ષણોએ મારેલી સોગઠીઓ પરથી થયા સિવાય રહેતી નથી. દેશને સ્વાધીનતા મળી તેને લગભગ સાત દાયકાના વહાણા વાઈ ગયા છતાં વિઠ્ઠલભાઈ-વલ્લભભાઈના દેશ માટેના બલિદાન તેમજ યોગદાનનું મૂલ્ય અનેરું તથા અમૂલ્ય રહયું છે. તેથી જ સૌની સ્મૃતિમાં રહેલું છે.